# ગુરુસ્તુતિઓ

## તુજ પાદપંકજ જ્યાં થયાં....

[પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના આ ભરતક્ષેત્રમાં થયેલા મંગલકારી જન્મ, તેમની સાધના, તથા ઉપકારથી અત્યંત પ્રમુદિત થઈ તેમના પ્રત્યે અત્યંત ભક્તિભાવથી પંડિતજી બહુભાવથી ગાતા હતા.]

તુજ પાદપંકજ જ્યાં થયાં તે દેશને પણ ધન્ય છે;
એ ગામ–પુરને ધન્ય છે, એ માત કુળ જ વન્દ્ય છે. ૧.

તારાં કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે;
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે. ૨.

તારી મતિ, તારી ગતિ, ચારિત્ર લોકાતીત છે;
આદર્શ સાધક તું થયો, વૈરાગ્ય વચનાતીત છે. ૩.

વૈરાગ્યમૂર્તિ, શાંતમુદ્રા, જ્ઞાનનો અવતાર તું;
ઓ દેવના દેવેન્દ્ર વહાલા! ગુણ તારા શું કથું? ૪.

અનુભવ મહીં આનંદતો સાપેક્ષ દૃષ્ટિ તું ધરે;
દુનિયા બિચારી બાવરી તુજ દિલ દેખે ક્યાં અરે. ૫.

તારા હૃદયના તારમાં રણકાર પ્રભુના નામના;
એ નામ ‘સોહં’ નામનું, ભાષા પરા જ્યાં કામ ના. ૬.

અધ્યાત્મની વાર્તા કરે, અધ્યાત્મની દૃષ્ટિ ધરે;
નિજ દેહ–અણુઅણુમાં અહો! અધ્યાત્મરસ ભાવે ભરે. ૭.

અધ્યાત્મમાં તન્મય બની અધ્યાત્મને ફેલાવતો;
કાયા અને વાણી–હૃદય અધ્યાત્મમાં રેલાવતો. ૮.

જ્યાં જ્યાં તમારી દૃષ્ટિ ત્યાં આનંદના ઊભરા વહે;
છાયા છવાયે શાંતિની, તું શાંતમૂર્તે! જ્યાં રહે. ૯.

અધ્યાત્મમૂર્તિ, શાંતમુદ્રા, જ્ઞાનનો અવતાર તું,
ઓ કહાનદેવ દેવેન્દ્ર વ્હાલા, ગુણ તારા શું કથું. ૧૦

પાવન-મધુર-અદ્‌ભુત અહો! તુજ વદનથી અમૃત ઝર્યાં;
શ્રવણો મળ્યાં સદ્‌ભાગ્યથી, નિત્યે અહો! ચિદ્‌રસભર્યાં. ૧૧.

ગુરુકહાન તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યા;
ભવ ભવ રહો અમ આત્મને સાંનિધ્ય આવા સંતના. ૧૨.

*